INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** તા. **૧૧-૦૮-૨૦૨૫**

- **ગુજરાત યુનિવર્સિટીની ૨૫૦ કરોડથી વધુ કિંમતની ૧૫૦૦૦ વાર જગ્યા રાધે એન્ટરપ્રાઇઝ, રાણીપને ભાડે પધરાવી દીધી.**
- **રાધે એન્ટરપ્રાઈઝ ઉપર એવું તો કેવો પ્રેમ આવ્યો કે વગર કોઈ ટેન્ડરે માત્ર એક પત્ર ઉપર આટલી કિંમતી જમીન ભાડે આપી દીધી છે.**
- **ગુજરાત યુનિવર્સિટી ના સત્તાધીશો ના ભ્રષ્ટાચાર સામે લોકાયુક્ત માં અને રાજ્યપાલ શ્રી ને રજૂઆત કરવામાં આવશે.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટી દ્વારા જે પ્રકારે જમીન ચોરીનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે તે ખૂબ જ શરમજનક છે. ગુજરાત યુનિવર્સિટીની ૨૫૦ કરોડથી વધુ કિંમતની ૧૫૦૦૦ વાર જગ્યા રાધે એન્ટરપ્રાઇઝ, રાણીપને ભાડે અગીયાર મહિના માટે પધરાવી દીધી. જ્યારે કોમન એક્ટનો કાળો કાયદો લાગુ થયો ત્યારે વારંવાર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે યુનિવર્સિટીઓમાં લોકતંત્ર ખતમ થશે તો સત્તાધીશો યુનિવર્સિટીની જમીનનો વેપલો  કરીને વેચી નાખશે. કોઈ પણ પ્રકારના ટેન્ડર વગર આટલી કિંમતી જમીન, રાધે એન્ટરપ્રાઈઝને કેમ ફાળવવામાં આવી તે સમજાતું નથી? રાધે એન્ટરપ્રાઈઝ ઉપર એવું તો કેવો પ્રેમ આવ્યો કે વગર કોઈ ટેન્ડરે માત્ર એક પત્ર ઉપર આટલી કિંમતી જમીન ભાડે આપી દીધી છે. ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટ ઉપર ફળવાયેલ જમીન શું કોઈ ગાંધીનગર ના આકા ના ઇશારે આપવામાં આવી છે કે શું? મહાજનો દ્વારા દાનમાં અપાયેલી જમીનોનો આમ વેપાર થશે? વિધાર્થીઓ અને શિક્ષણ માટે અપાયેલ જમીનોને હેતુફેર કરીને વાપરવામાં આવશે. શું આ જગ્યા આપતા પહેલા હેતુની ચર્ચા કરવા માં આવી હતી? શું ત્યાં ખાનગી ખાણીપીણીનું માર્કેટ બનવાનું છે? શું વિધાર્થીઓ ની જમીનનો ફન પાર્ક માટે ઉપયોગ થશે? શું આ જમીન શિક્ષણ મંત્રીના ઇશારે આપવામાં આવી છે? શું શિક્ષણમંત્રી કે તેના કોઈ મળતિયા ભાગીદારી છે?

ક્યારેક સરકારી સિન્ડિકેટ સભ્ય ખંડણી માંગે, ક્યારેક સરકારી સિન્ડીકેટ સભ્ય ગુજરાત યુનિવર્સિટીની જમીન ચોરી કરીને કૌભાંડ સામે આવ્યું અને હવે વગર ટેન્ડરે ૧૧ મહિના માટે જમીન ભાડે પધરાવી દેવામાં આવી છે. શું જમીન અંગે સિન્ડિકેટની મિટિંગમાં કોઈ નિર્ણય લેવાયો હતો કે શું ? રાધે એન્ટરપ્રાઇઝ ૨૯ માર્ચ ૨૦૨૫ના દિવસે યુનિવર્સિટીની જમીન મેળવવા અરજી કરે અને કુલપતિ પાંચ મહિના માં બારોબાર જમીન ફાળવવી દે વાહ દાતાર ગુજરાત યુનિવર્સિટી વાહ! ગુજરાત યુનિવર્સિટી જાણે વારસામાં મળી હોય તેમ જમીનોની લહાણી કરવા બેઠી છે. એકબાજુ યુવાનોને નોકરીઓ નથી અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ દ્વારા બારોબાર પોતાના મળતિયાને ઉચ્ચ કક્ષા ઉપર ગોઠવી દીધા છે. ગુજરાત યુનિવર્સિટીમાં દલા તરવાડી જેવો તાલ છે લઈ લઉં બે ચાર ના લઈ જાવને દસ બાર. ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો આ પ્રકારની લહાણી થી શરમાય તો શિક્ષણ જગત માટે સારુ રહે. આવનારા સમયમાં ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોના ભ્રષ્ટાચાર સામે લોકાયુક્તમાં અને રાજ્યપાલશ્રીને રજૂઆત કરવામાં આવશે..

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146